



Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 11,(SURAT), DATE-03/09/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૧, (સુરત), તા.૦૩/૦૯/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 જનરક્ષક ૧૧૨ પ્રોજેક્ટના લોકાર્પણ બાદ અમિત શાહે કહ્યું- 'ટોલ ફ્રી નંબરની માયાજાળમાંથી જનતા આજે મુક્ત થઈ'

3 પશુઓનું કરાશે રસીકરણ:પશુમાં થતી બીમારી ખરવા મોવાસાની રસી ૩.૫૪ લાખ પશુને અપાશે

4 પાવરગ્રીડની ટ્રાન્સમિશન લાઈન મુદ્દે યોગ્ય નિર્ણય નહી આવે તો ખેડૂતો રસ્તા પર ઉતરશે


## કામરેજ તાલુકા રાજપૂત સમાજ સંગઠનની કાર્યકારિણી રચના

# સમાજના અગ્રણીઓની વિશિષ્ટ ઉપસ્થિતિમાં સંગઠનના નવનિયુક્ત હોદેદારોની નિમણૂંક કરવામાં આવી



**ચીખલી-** તારીખ: ૩૧/૦૮/૨૦૨૫, સમય: બપોરે ૩:૦૦ કલાકે, સ્થળ: ગામ ચીખલી

ચીખલી ખાતે કામરેજ તાલુકા રાજપૂત સમાજ સંગઠનની વિશિષ્ટ સભા યોજાઈ હતી. તેમાં સમાજના અગ્રણીઓની વિશિષ્ટ ઉપસ્થિતિમાં સંગઠનના નવનિયુક્ત હોદેદારોની નિમણૂંક કરવામાં આવી.

સાંસ્કૃતિક અને સામાજિક મૂલ્યોના વિકાસ, યુવાનોના સશક્તિકરણ અને સમાજના સુદ્રઢ ભવિષ્ય માટે આ મજબૂત કાર્યકારિણીની રચના કરવામાં આવી છે.

**વિશિષ્ટ મહેમાનોની ઉપસ્થિતિ:** આ આયોજન પ્રસંગે સમાજના આગેવાન અને મહાનુભાવો તરીકે નીચેના મહેમાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા: શ્રી જનકસિંહ મોહનસિંહ ચાવડા (ભાદા), શ્રી ગંભીરસિંહ જયસિંહ ચૌહાણ (ખાનપુર), શ્રી મહેન્દ્રસિંહ હિંમતસિંહ પરમાર (ચીખલી)

**મુખ્ય હોદેદારો:** સંગઠન અધ્યક્ષ (મુખ્ય સંયોજક): મેહુલસિંહ મુકેશસિંહ દેસાઈ (ચીખલી)

**કામરેજ તાલુકા રાજપૂત સમાજ પ્રમુખ:** ઇન્દ્રસિંહ (રાજેન્દ્રસિંહ) ખુમાનસિંહ ચૌહાણ (ખાનપુર બાપુ)

**ઉપપ્રમુખ:** ધર્મેન્દ્રસિંહ ચંદ્રસિંહ ડોડીયા (આંબોલી), ચેતનસિંહ છત્રસિંહ મોરી (જોખા), વિમલસિંહ વિજયસિંહ દેસાઈ (ચીખલી), મિહિરસિંહ પ્રકાશસિંહ જાદવ (સેવણી)

**મહામંત્રી:** કિરપાલસિંહ પ્રવિણસિંહ દેસાઈ (દેલાડ)

**સહ મહામંત્રી:** નિકુલસિંહ મહેન્દ્રસિંહ મહિડા (ધોરણ પારડી), સમીરસિંહ બળવંતસિંહ ઘડિયા (ઘણા કરજણ), કિરપાલસિંહ ગણપતસિંહ ચાવડા (કામરેજ)

**મીડિયા વિભાગ:** પ્રભારી: હિમાંશુસિંહ ઠાકોર (પાલી), સહપ્રભારી: પ્રીતેશસિંહ મહેન્દ્રસિંહ મોરી (પાલી)

**કોષાધ્યક્ષ (ખજાનચી):** શૈલેષસિંહ રણજીતસિંહ ડોડીયા (નેત્રંગ), પ્રશાંતસિંહ દેવેન્દ્રસિંહ ચાવડા (ભાદા)

**આયોજક સમિતિ અધ્યક્ષ:** ધર્મેન્દ્રસિંહ છત્રસિંહ ચૌહાણ (ખાનપુર)

**સાંસ્કૃતિક સમિતિ:** અધ્યક્ષ: કેતનસિંહ હિંમતસિંહ દેસાઈ (વલણ), ધવલસિંહ રઘુવીરસિંહ દેસાઈ (દેલાડ)


**રમતગમત સમિતિ:** અધ્યક્ષ: સુનીલસિંહ ઈશ્વરસિંહ દેસાઈ (ચીખલી), અક્ષયસિંહ કિશોરસિંહ દેસાઈ (સેવણી)

**શૈક્ષણિક સમિતિ:** અધ્યક્ષ: ધર્મેન્દ્રસિંહ જશવંતસિંહ મોરી (જોખા)

**બિઝનેસ સમિતિ:** અધ્યક્ષ: કિરીટસિંહ (કમલેશસિંહ) કનકસિંહ ઘડિયા (કામરેજ)

**કારોબારી સભ્યશ્રીઓ:** કૌશિકસિંહ દિલીપસિંહ મોરી (પાલી), હિરેનસિંહ જયેન્દ્રસિંહ મેઘાત (અલુરા), ભુપેન્દ્રસિંહ ઈશ્વરસિંહ પરમાર (માકણા), કમલેશસિંહ મોતીસિંહ પરમાર (મોરથાળા), વિક્રમસિંહ અમરસિંહ દેસાઈ (વિહાણ), વિરેન્દ્રસિંહ છત્રસિંહ બોડાણા (વાવ), અક્ષયસિંહ રાજેન્દ્રસિંહ ચાવડા (ભાદા), કલ્પેશસિંહ માનસિંહ બારડ (આંત્રોલી), વિપુલસિંહ મહેન્દ્રસિંહ સોલંકી (કઠોર)

સમગ્ર સભા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી અને નવનિયુક્ત ટીમે સમાજસેવાના ભાવથી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી.







## ગણપતિ વિસર્જનને લઈને સુરત શહેર પોલીસની પૂર્વ તૈયારી



સુરત : આજરોજ ગણપતિ વિસર્જનને લઈને સુરત શહેર પોલીસ કમિશનરશ્રી એ સુરતના તમામ વિસર્જન ઓવારા ઓ નું નિરીક્ષણ કર્યું.

સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમ ગેહલોત અને અધિકારીઓએ આજે ડુમસ, હજીરા અને મગદલ્લા વિસર્જન પોઇન્ટ પર મુલાકાત લઇ નિર્વિઘ્ને અને શાંતિના માહોલમાં ગણેશ વિસર્જન થાય તેની પૂર્વ તૈયારીઓ કરી સ્થળ તપાસ કરી અને જરૂરી તમામ પગલાંઓ લેવા ના આદેશ કર્યા.

# ઉર્જા વિભાગની ટ્રાન્સમીશન વીજ લાઈનને કારણે ખેડૂતોને સહેજે નુકશાન થવું ન જોઈએ





ભાજપના જ ધારાસભ્યોએ રજૂઆત કરી પ્રશ્નનું નિરાકરણ લાવવા જણાવ્યું.

સુરત જિલ્લાના વિવિધ તાલુકામાંથી વીજ સપ્લાય માટે ટ્રાન્સમીશન લાઈન નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેના કારણે ખેડુતોને નુકસાન થઈ રહ્યું હોવાની ફરીયાદ ભાજપના જ ધારાસભ્યોએ કરીને તાકીદે તેનુ નિરાકરણ લાવવા પણ જણાવ્યું છે. જોકે આ મુદ્દે તેઓએ અગાઉ કલેકટર કચેરીની સંકલન બેઠકમાં પણ રજુઆત કરી હતી.

ઉર્જા વિભાગ દ્વારા અમદાવાદ-નવસારી, વટામણ નવસારી, ઓલપાડ- બોઇસર વચ્ચે પાવરગ્રીડ લાઈન નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ લાઇનો ખેડુતોના ખેતરમાંથી પસાર થઈ રહી છે. જે જગ્યામાંથી લાઈન પસાર કરવામાં આવી રહી છે તે જમીનની કિંમત ઘટી જાય છે. વળતર પણ ઓછું મળે છે. હાઈ રેડીયેશનને કારણે પાકને પણ નુકસાન થાય છે. ટ્રાન્સમીશનની લાઈ નને કારણે જમીનનો કેટલોક ભાગના ટુકડા થઇ જાય છે. તેમાં પણ બુલેટ ટ્રેન, નેશનલ હાઈવે, મેટ્રો રેલ ,ડીએફસીસીમાં જે વળતર આપવામાં આવે છે તેના કરતા ઘણું ઓછું વળતર મળતું હોય છે. આ કારણોસર જે પણ જગ્યામાંથી ટ્રાન્સમીશન લાઇન જાય છે તે જગ્યાના માલિકોને મહિને અથવા વર્ષે ભાડું મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવવી જોઈએ.ખેડુતોને નુકસાન થઈ રહ્યુંહોવાના કારણે ભાજપના ધારાસભ્ય સંદિપ દેસાઈ, ગણપત વસાવા, ઈશ્વર પરમાર, કુંવરજી હળપતિ, મોહન ઢોડીયા સહિતનાઓએ કલેકટરને રજુઆત કરી આ સમસ્યાનુ ઝડપથી નિરાકરણ લાવવા લેખિતમાં રજુઆત કરી હતી. કારણ કે અન્ય જમીનનો સરકારી ઉપયોગ કરવામાં આવે તો તેમાં જંત્રી પ્રમાણે વળતર ખેડુતોને ચુકવવામાં આવે છે. જયારે ટ્રાન્સમીશન લાઈન નાંખવામાં આવે ત્યારે તે પ્રમાણે વળતર ચુકવવામાં આવતું નહી હોવાના કારણે વળતર વધારે ચુકવવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત જિલ્લામાંથી પસાર થનારી પાવર ગ્રીડ ખાવડા ૭૬૫ કેવી વીજ ટ્રાન્સમિશન લાઈનમાં સુરત જિલ્લાના ખેડૂતોની જમીન સંપાદન થઈ રહી છે. જેના માટે કલેક્ટરના હુકમ પ્રમાણે નક્કી થયેલુંનાણાકીય વળતરની જગ્યા પર ખેડૂતોના ખાતામાં કંપની દ્વારા ૫૦% જેટલું વળતર જમા કરાવાતા સુરત જિલ્લાના ખેડૂતોમાં રોષ ફાટ્યો છે.




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ દ્વારા

# માંડવી તાલુકાના વરજાખણગામ ની હદમા ટ્રકમા ગુપ્ત ચોરખાનામા વિદેશીદારૂનો જથ્થો છુપાવી લઈ જવાનુ ષડયંત્ર નિષ્ફળ કરી વિદેશી દારૂ જથ્થા સહિત ના મુદ્દામાલ સાથે આરોપીને દબોચી ઝડપી પાડતી સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ

**દક્ષેશ પટેલ, માંડવી-** સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ દ્વારા માંડવી તાલુકાના વરજાખણગામ ની હદમા ટ્રકમા ગુપ્ત ચોરખાનામા વિદેશીદારૂનો જથ્થો છુપાવી વહન કરી લઈ જવાનુ ષડયંત્ર નિષ્ફળ કરી વિદેશી દારૂ જથ્થા સહિત રૂ.૧૩,૮૦,૩૮૦ ના મુદ્દામાલ સાથે આરોપીને દબોચી ઝડપી પાડતી સુરત જિલ્લા ગ્રામ્ય એલસીબી પોલીસ.




પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ, સુરત વિભાગ, સુરત તથા રાજેશ ગઢિયા, પોલીસ અધિક્ષક, સુરત ગ્રામ્ય નાઓએ સુરત ગ્રામ્ય જિલ્લામાં પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરી અસરાકારક કાર્યવાહી કરવા જિલ્લા પોલીસને જરૂરી સુચનાઓ આપેલ.

જેના અનુલક્ષીને આર બી ભટોળ પીઆઇ, તથા એમ આર શકોરીયા પી .આઇ તથા પેરોલ ફર્લો સ્કવોડ નાઓએ એલ.સી.બી./પેરોલ ફર્લોના પોલીસ અધિકારી/માણસોની અલગ અલગ ટીમો બનાવી બનાવી હતી જરૂરી દીશા સુચન કરી, ચોક્કસ દિશામા વર્કઆઉટ કરી જેના આધારે અલગ અલગ ટીમો બનાવી સુરત જિલ્લા વિસ્તારમાં પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન હે.કો દિનેશભાઈ કાનજીભાઈ હે.કો વિક્રમભાઈ સગરામભાઇ પો.કો નરેશભાઈ હીરાભાઈ પોલીસ સ્ટાફ ને ખાનગી બાતમીદાર થકી બાતમી મળેલ હતી કે વિદેશી દારૂ ભરી એક ટ્રક બારડોલી તરફથી માંડવી તરફ આવી રહેલ છે. જેથી બાતમી ના આધારે માંડવી તાલુકા ના વરજાખણ ગામ ની સીમમાં વડજાખણ ત્રણ રસ્તા પર

શિવ શક્તિ સો મીલ રોડ ઉપર નાકાબંધી કરી વોચમાં હતા તે દરમિયાન એક ટાટા એસ ટ્રક ને રોકી તેની જડતી કરતા ચોરખાનું બનાવી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

જેની કુલ કિંમતરૂ. ૧૩,૮૦,૩૮૦ લાખનો મુદ્દા માલ કબજે કરેલ છે. તથા આરોપી ટ્રક ચાલક શૈલેષ ગામીત, ધરપકડ કરી હતી તેમજ પ્રકાશભાઈ રહે. દમણ તેમજ દિવ્યેશભાઈ, રાહુલભાઈ તથા મેહુલભાઈ ચૌધરી ને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પલસાણાની મિલ દુર્ઘટનાના મૃતકો ઓળખવા DNA રિપોર્ટ કરાશેઃ

# સંતોષ ટેક્સટાઇલના કામદારોની હજુ ઓળખ થઈ શકી નથી, કેમિકલ ડ્રમ ફાટતાં ભીષણ આગ લાગી હતી

બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામમાં આવેલી સંતોષ ટેક્સટાઇલ મિલમાં ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. ગઈકાલે બપોરે ત્રણ વાગ્યા આસપાસ મિલમાં કેમિકલ ભરેલું ડ્રમ ફાટતાં ભીષણ આગ લાગી હતી.





આ દુર્ઘટનામાં બે કામદારોના મોત થયા છે. આગમાં બન્ને કામદારો ભડથું થઈ ગયા હોવાથી તેમની ઓળખ થઈ શકી નથી. મૃતકોની ઓળખ DNA રિપોર્ટ આવ્યા બાદ જ થઈ શકશે. દુર્ઘટનામાં ૨૦ જેટલા મહિલા અને પુરુષ કામદારો ઘાયલ થયા છે.

બ્લાસ્ટ એટલો શક્તિશાળી હતો કે ઘણા કામદારો તેની ઝપેટમાં આવી ગયા. મોટાભાગના કામદારો સમયસર મિલની બહાર નીકળી શક્યા. કેટલાક કામદારો અંદર ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સુરત જિલ્લા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

ઘાયલ કામદારોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. FSL, GPCB અને સુરત જિલ્લા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ દ્વારા ડ્રમ ફાટવાના કારણોની તપાસ ચાલી રહી છે. મૃત્યુઆંક વધી શકે તેવી શક્યતા છે

# પેમેન્ટ ચુકવ્યા વિના ૨.૧૧ લાખનો ઈલેક્ટ્રોનિક સામાન લઈ જનાર ઝબ્બે

**વ્યારા-**વ્યારા નગરના મેઈન બજારમાં આવેલી ગણેશ ઇલેક્ટ્રોનિક્સ દુકાનમાંથી ગત થોડા દિવસો પેહલા એક વ્યક્તિએ ફોન ઉપર રૂ.૨.૧૧.૦૦૦ના ૫ ટીવી તથા ૪ એસી લઈ ચૂકવણી કર્યા વિના છેતરપીંડી કરનારા ઈસમો પૈકી એક ઇસમને વ્યારા પોલીસે ઝડપી કાર્યવાહી કરીને લીધો હતો. પોલીસે ૪ ટીવી તથા ૩ એસી મળી રૂ.૧.૩૫,૦૦૦ નો મુદ્દામાલ સાથે એક ઇસમને વાપીમાંથી કબજે કર્યો છે, જયારે એક આરોપી વોન્ટેડ છે. વ્યારા નગરના બજારમાં આવેલ ગણેશ ઇલેક્ટ્રોનિક્સ દુકાનમાં કામકાજ કરતા સંજયભાઈ ચંદ્રકાંતભાઈ સુર્યવંશી એ એક ઈસમ દ્વારા ટેલિફોનિક સંપર્ક કરી ૨,૧૧,૦૦૦ ની ઇલેક્ટ્રોનિક સામાન ખરીદી કર્યા બાદ તેના પૈસા ચૂકવ્યા ન હોવાની ફરિયાદ નોધાવતા પોલીસ ઇન્સ્પેક્ટર બી.જી. રાવલના માર્ગદર્શન હેઠળ ટીમે તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ સર્વેલન્સના આધારે હે.કો. નવરાજસિંહ જોરસિંહ, કલ્પેશભાઈ જરસીંગભાઈ, પો.કો. પ્રકાશભાઈ અરવિંદભાઈ તથા પો.કો. વિજયભાઈ બબાભાઈનો ટીમ દ્વારા વાપી વિસ્તારમાં ચણોદા ગામના દિલીપભાઈ હિરજીભાઈ ભાનુસાળી સુધી પોલીસ પહોચી હતી.



વ્યારામાં ઠગાઇ કરનાર વાપીથી પકડાયો, મુદ્દામાલ રિક્વર

ત્યાંથી પોલીસે ૪ ટીવી તથા ૩ એસી મળી રૂ.૧.૩૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. ચણોદા ગામના દિલીપભાઈ હિરજીભાઈ ભાનુસાળી અટક કરી હતી, જયારે આ ગુનામાં હજી એક આરોપી વોન્ટેડ છે.

## મઢી સુગર ફેક્ટરીમાં વિઘ્નહર્તા દુંદાળા દેવ શ્રીજીની ભક્તિ ભાવપૂર્ણ માહોલમાં રંગેચંગે સ્થાપના



**દક્ષેશ પટેલ, માંડવી-** મઢી સુગર ફેક્ટરીમાં તારીખ ૨૭/૮/૨૦૨૫ ના રોજ દુંદાળા દેવ શ્રી ગણેશજીની ભક્તિભાવ માહોલમાં શાસ્ત્રોકવિધી અનુસાર સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર અને સાંસ્કૃતિક ઉત્સવ સમિતિના પ્રમુખ અવિનાશ ઢેકાણે સાહેબના નિવાસ સ્થાનેથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં દરેક અધિકારીગણ, કર્મચારીગણ તથા કામદાર કર્મચારીઓ તેમજ તેમના ઘરના દરેક સભ્યો જોડાયા હતા. ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા, ના નારાઓથી મઢી સુગર નું વાતાવરણ ભક્તિમય માહોલ માં રંગાઈ ગયું હતું. આ શુભ પ્રસંગે સંસ્થાના વાઇસ ચેરમેન શ્રી અલ્પેશભાઈ મગનભાઈ પટેલે વિશે હાજરી આપી હતી.

# ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે ઓપરેશન સિંદૂર થીમ આધારિત ગણેશ પંડાલ આકર્ષણનું કેન્દ્ર બન્યું

**ઓલપાડ-** ઓલપાડ તાલુકા મથક ના ઓલપાડ પોલીસ સ્ટેશન ખાતે ઓપરેશન સિંદૂર થીમ આધારિત ગણેશ પંડાલ આકર્ષણનું કેન્દ્ર બન્યું.ઓલપાડ પોલીસ સ્ટેશન ના પોલીસ કર્મીઓ આ ડેકોરેશન માટે છેલ્લા અનેક અઠવાડિયાંથી મહેનત કરાઈ છે. ઓપરેશન સિંદૂર ની થીમ ઓલપાડ સહિત સમગ્ર તાલુકા અને જિલ્લાના ભક્તોને દેશપ્રેમની લાગણી સાથે સાથે ભક્તિનો અનોખો અનુભવ કરાવી રહી છે. આ વર્ષે ઓલપાડ પોલીસે દેશપ્રેમને અનુલક્ષીને ભારતીય સૈનિકોની વીરતા અને ગૌરવગાથા પર આધારિત ડેકોરેશન કરવાની તૈયારી કરી છે. ભારતીય સૈનિકોની બહાદુરી, દેશની સુરક્ષા માટે તેમના ત્યાગ અને દેશપ્રેમની ભાવનાઓને જીવંત રીતે રજૂ કરાઈ છે. ઓલપાડ પી આઈ ચેતન જાદવ ની સલાડ સૂચન



મુજબ આ વર્ષે બપ્પા ના આગમન માં આકર્ષણ નું કેન્દ્ર બન્યું છે. ૭ મે ૨૦૨૫ ના રોજ ભારતે ઓપરેશન સિંદૂર નામ હેઠળ પાકિસ્તાન પર મિસાઇલ હુમલા કર્યા. ભારતે કહ્યુ કે તેણે આતંકવાદી માળખાને નિશાન બનાવ્યાં.

પાકિસ્તાને પોકળ દાવો કર્યો હતો કે ભારતીય ડુમલાઓમાં મસ્જિદો સહિત નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. અને નવ પાકિસ્તાની નાગરિકો માર્યા ગયા, જેમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. ।કિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય હુમલાનો બદલો લીધો છે. પણ ખરેખરમાં પાકિસ્તાની તોપખાનાએ ત્રણ નિર્દોષ ભારતીય નાગરિકોને મારી નાખ્યા હતા. જેમાં અનેક ભારત ના અનેક વીર જવાનો એ બહાદુરી દાખવી હતી.

ત્યારે ઓલપાડ પોલીસે પણ આ વખતે ભારતીય સૈનિકોની બહાદુરી, દેશની સુરક્ષા માટે તેમના ત્યાગ અને દેશપ્રેમની ભાવનાઓને જીવંત રાખી ઓપરેશન સિંદૂર થીમ આધારિત ગણેશ પંડાલ સજાવ્યો છે.

# સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલ આમલી ડેમ સંપૂર્ણ સપાટીએ

**દક્ષેશ પટેલ, માંડવી-** ઉપરવાસમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે ડેમમાં પાણી ની ભારે આવક નો ઉમેરો થતાં આમલી ડેમ હાલ ૧૧૪. ૯૫ મીટર ની સપાટીએ ભરાઈ જવા પામ્યો છે. આમલી ડેમની પૂર્ણ સપાટી ૧૧૫.૮૦ મીટર છે. ડેમનું રૂલ લેવલ જાળવવા ડેમના ૨ દરવાજા ખોલવામાં આવ્યા. જેના લઈ ડેમના પાણીથી પ્રભાવિત ૨૭ ગામોને સાવચેતીના પગલાં રૂપે વહીવટી



તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે. તેમજ ઉપરવાસમાં વરસાદને કારણે પાણીની આવકમાં વધારો થશે તો બીજા ડેમના દરવાજા ખોલવામાં આવશે તેની જાણવહીવટી તંત્રને કરવામાં આવશે.

# ગુજરાતીઓની નવરાત્રિ બગડી શકે છે, સપ્ટેમ્બરમાં ૧૦૯ % વરસાદની સંભાવના, પહેલા અને છેલ્લા વીકમાં વરસાદનું જોર વધશે

હવામાન વિભાગ દ્વારા ખેલૈયાઓને માઠા સમાચાર આપવામાં આવ્યા છે, કારણ કે હવામાન વિભાગની આગામી સપ્ટેમ્બર મહિનાની આગાહી મુજબ ૨૩ તારીખથી બંગાળની ખાડી અને અરબ સાગરમાં સર્જાતાં સાઇક્લોનિક સર્ક્યુલેશનને કારણે વરસાદનું જોર વધશે, એટલે કે ગુજરાતમાં મુશળધાર વરસાદ વરસવાની શક્યતા રહેશે. જો આગાહી મુજબ નવરાત્રિમાં વરસાદી માહોલ સર્જાયો તો ગુજરાતવાસીઓની નવરાત્રિના રંગમાં ભંગ પડી શકે છે, એટલે કે ખેલૈયાઓએ વરસાદમાં ગરબે ઘૂમવાની ફરજ પડી શકે છે.



હવામાન વિભાગે આગામી ૭ દિવસ એટલે કે, ૧થી ૭ સપ્ટેમ્બર સુધી રાજયમાં વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધવાની શક્યતા છે. સપ્ટેમ્બર મહિનામાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની શક્યતા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા મુજબ, ૩ સપ્ટેમ્બરથી રાજયમાં ભારે વરસાદની શક્યતા છે, જેના કારણે રાજયના અમુક જિલ્લાઓમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી વરસાદ અપર એર સર્ક્યુલેશન, મોન્સૂન ટ્રફ અને લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાને કારણે થશે. આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં એક લો પ્રેશર સક્રિય થવાની શક્યતા છે. આ સિસ્ટમને કારણે દક્ષિણ ગુજરાતના માછીમારોને આજે દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

આજે સવારના ૬થી ૧૨ વાગ્યા સુધીમાં રાજયના ૪૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દાહોદના ઝાલોદમાં ૧.૩૪ ઇંચ તો સૌથી ઓછો વલસાડના વાપીમાં ૧ મિમી વરસાદ નોંધાયો છે. આ સીઝનમાં સૌથી વધુ વરસાદ જૂનમાં ૧૨.૧૨ ઇંચ, જુલાઈમાં ૧૦ ઇંચ અને ઓગસ્ટમાં ૧૦ ઇંચ સાથે ગુજરાતમાં સરેરાશ ૩૨ ઇંચ વરસાદ નોંધાયો છે.




## કુડસદ ગામની ગ્રામસભામાં વિકાસ કાર્યોની સમીક્ષાઃ ૧૯૮ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને મળ્યું ઘર, તળાવ વિકાસ અને ખાડી મજબૂતીકરણની ચર્ચા

ઓલપાડ- સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કુડસદ ગામમાં આજે ગ્રામસભા યોજાઈ હતી. સરપંચ યોગેશ પટેલ, ઉપસરપંચ મહેમૂદ ડાભી અને તલાટી કમ મંત્રી હસમુખ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી સભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રામસભામાં ગામના વિકાસ સંબંધિત અનેક મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. આકારણીના મુદ્દાઓ, ગામના તળાવનો વિકાસ અને ખાડીના પાળાની મજબૂતીકરણ જેવા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. દુર્ગંધયુક્ત પાણીની સમસ્યા અંગે પણ ચર્ચા થઈ અને તેના નિરાકરણ માટેના ઉપાયો શોધવા પર ભાર મૂકવામાં આવ્યો.

## ગુજરાતમાં '૧૧૨' ડાયલ કરવાથી મળશે પોલીસ, ફાયર, એમ્બ્યુલસન્સ સહિતની સેવાઃ

# જનરક્ષક ૧૧૨ પ્રોજેક્ટના લોકાર્પણ બાદ અમિત શાહે કહ્યું- 'ટોલ ફ્રી નંબરની માયાજાળમાંથી જનતા આજે મુક્ત થઈ'

અમદાવાદ- કેન્દ્રીય ગૃહ અને સહકારિતામંત્રી અમિત શાહે આજે અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૮ કાર્યક્રમોમાં હાજરી આપી હતી. જેમાં અમદાવાદમાં ગોતા વોર્ડના ઓગણજ અર્બન હેલ્થ સેન્ટર અને ચાંદલોડિયા વોર્ડમાં વંદે માતરમ અર્બન હેલ્થ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું, નવા વાડજ અને રાણીપમાં વૃક્ષારોપણ કરી લોકો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. ત્યાર બાદ લાલદરવાજા ખાતે ભદ્રકાળી માતાજીના દર્શન કર્યા અને ટોરેન્ટ ગ્રુપ- ફાઉન્ડેશન દ્વારા પુનઃવિકસિત કરવામાં આવેલા સરદાર બાગનું લોકાર્પણ કર્યું હતું.

અમિત શાહે ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી ફાઇવ પીટલ હોટલ ખાતે વિવિધ સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઓ તેમજ નાગરિકોને મળ્યા હતા. અહીં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, શહેર પ્રમુખ પ્રેરક શાહ અને ધારાસભ્ય હર્ષદ પટેલ સાથે ભોજન લીધું હતું. ત્યાર બાદ સાંજે તેઓ ગાંધીનગર ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટના લોકાર્પણ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અહીં તેમણે જનરક્ષક અભિયાનનાં ૫૦૦ જેટલાં વાહનો, ગુજરાત પોલીસનાં ૫૩૪ જેટલાં વાહનો તેમ જ ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત ૨૧૭




કરોડના ખર્ચે બનાવેલાં આવાસોનું લોકાર્પણ કર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન અમિત શાહે જણાવ્યું હતું કે, આજે ગુજરાતે ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટના નક્શા પર પોતાનું સ્થાન દર્જ કરાવ્યું છે. અનેક પ્રકારના નંબરો, ટોલ ફ્રી નંબરોની માયાજાળમાંથી ગુજરાતની જનતા મુક્ત થઈ છે. પોલીસ માટે ૧૦૦ નંબર, એમ્બ્યુલન્સ માટે ૧૦૮, ફાયર માટે ૧૦૧, વુમન હેલ્પ માટે ૧૮૧, ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮, ડિઝાસ્ટર માટે ૧૦૭૦, ૧૦૭૭ અનેક પ્રકારનો ગુંચવાડો લોકોને કન્ફ્યૂઝ કરતો હતો.

Date-03/09/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

## સગીરોમાં ચિંતાજનક સ્તરે વધી છે ગુનાખોરી

મોબાઈલ ખરીદવા કે દોસ્તો સાથે પાર્ટી કરવા જેવી બાબતે તરુણો અપહરણ, બળાત્કાર અને હત્યા જેવા ગંભીર અપરાધો કરી બેસે છે. દેશમાં બાળકો અને તરુણોમાં હિંસાનું પ્રમાણ ભયજનક હદે વધી ગયું છે. સમાજે એની કુંભકર્ણ નિદ્રામાંથી જાગવું પડે એવા બે-ત્રણ કિસ્સા તાજેતરમાં જ બન્યા છે.

અમદાવાદમાં આવેલી સેવન્થ-ડે એડ્વેન્ટિસ્ટ હાયર સેકન્ડરી સ્કૂલમાં ભણતા બે વિદ્યાર્થીઓ વચ્ચે ધક્કો લાગવા જેવી સામાન્ય બાબતે તકરાર થયા બાદ બીજા દિવસે સ્કૂલની બહાર સામેની ગલીમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર છરીથી હુમલો કરતાં સ્કૂલ રક્તરંજિત બની હતી. અને લોકોમાં ચક્ચાર મચી ગઈ હતી.

આઠમા ધોરણના વિદ્યાર્થીએ દસમા ધોરણના વિદ્યાર્થી પર છરી વડે હુમલો કરતાં તે લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડયો હતો. એ પછી હુમલો કરનાર વિદ્યાર્થી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થીઓ હોસ્પિટલ લઈ ગયા હતા જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયું હતું. અમદાવાદની સ્કુલની ઘટના હજુ જુની થઈ નથી ત્યાં બાલાસિનોરની એક સરકારી સ્કુલના ધોરણ આઠમા ભણતાં વિદ્યાર્થી પર તેના સહાધ્યાયીએ છરીથી હુમલો કર્યો હતો. સાવ નજીવી બાબતે ઝઘડો થતાં આરોપીએ વિદ્યાર્થીને પીઠ, પેટ અને ખભા પર છરીના ઘા માર્યા હતા. એવી જ રીતે વડોદરાના પાદરામાં સાતમા ધોરણમાં ભણતા બે વિદ્યાર્થીઓ વચ્ચે બેન્ચ પર બેસવા બાબતે ઉગ્ર વિવાદ થયો હતો. ત્યારબાદ એક વિદ્યાર્થીએ બીજાને ચાકુ માર્યું હતું.

પુણેની નજીકમાં જ આવેલા ભોસારી શહેરમાં ગત ૩૧મી માર્ચે આવી જ એક ચોંકાવનારી ઘટના બની ગઈ. વાત જાણે એમ બની કે ૧૫ વર્ષના એક છોકરાને તેના ભૂતપૂર્વ સહાધ્યાયીનો ફોન આવ્યો. તેણે કોમ્પ્યુટરમાં મદદ માટે પોતાના ઘરે બોલાવ્યો. તેઓ છોકરાને કારમાં લઈ ગયા અને તેનું અપહરણ કરી લીધુ. એટલું જ નહીં તેમણે વાયર વડે એનું ગળુ પીસીને તેની હત્યા કરી નાખી. ત્યાર બાદ છોકરાના પિતાને વારંવાર ફોન કરી તેમની પાસે રૂ. ૫૦,૦૦૦ની ખંડણી માગી. પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવતા અપહરણ અને હત્યાના કેસમાં સંડોવાયેલા સગીર વયના આ બન્ને બાળકોએ જણાવ્યું હતું કે તેમણે વિખ્યાત ટીવી શો 'સીઆઇડી'માંથી અપહરણ માટેની પ્રેરણા મેળવી હતી. હત્યાનો પ્લાન તો તેમણે કર્યો જ હતો, પરંતુ પાર્ટી કરવા માટે પણ તેમને પૈસાની જરૂર હોવાથી ખંડણી માગી હતી. આ માત્ર એક કેસ નથી. તરુણો હિંસા તરફ વળી ગયા હોય એવા અનેક બનાવો હાલ ભારતમાં બની રહ્યા છે. હિંસા, અપહરણ અને હત્યામાં તરુણોની સંડોવણી વધી રહી છે. બીજો એક કિસ્સો જોઈએ. નાલાસોપારામાં રહેતી છ વર્ષની બેબી બધાને પ્રિય હતી. બધા સંબંધીઓ તેને લાડ લડાવતા હતા. બાળકીને ઘરના લોકો જે લાડ લડાવતાં હતાં તે જોઈ શકતો ન હતો. એથી ગુસ્સે થઈને, તે તેને નજીકના ડુંગર પર લઈ ગયો અને તેનું ગળું દબાવી દીધું હતું. આ પછી તેના માથા પર પથ્થર મારીને બેબીની હત્યા કરવામાં આવી હતી. આરોપીની ઉંમર ૧૩ વર્ષ છે અને મૃતકનો ફઈનો દીકરો છે.

હિચકારી ઘટના પછી બાળકીએ તેના પ્રાઇવેટ પાર્ટમાં દુખાવાની ફરિયાદ કરી હતી. જેના પગલે માતા તેને હોસ્પિટલમાં લઇ ગઇ હતી. પીડિતાના ગુપ્તાંગ પર ઇજાના નિશાન હતા. પોલીસે આ મામલામાં ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. બાળ અવસ્થામાં ગણાય તેવા ૧૫થી ૧૮ વર્ષની વયના 'તરુણો'ના આવા અનેક કિસ્સાઓ પોલીસ અને સરકારી સંચાલિત બાળ સુધારણા ગૃહો કે હેલ્પલાઈન સુધી પહોંચી રહ્યાં છે. કાયદાકીય મર્યાદા એ છે કે, ૧૮ વર્ષ ન થયાં હોય તેવો તરુણ ગુનો આચરે તો બાળ ગુનાખોરીની વ્યાખ્યામા આવે છે અને સુધારણા કરવાની કાર્યવાહી જ થઇ શકે છે . ચાલુ વર્ષ ૨૦૨૫માં જ ગુજરાતમાં બાળ ગુનાખોરીના ૧૭૮૬ ગુના પોલીસ સમક્ષ આવ્યાં છે તેમાંથી ૬.૩ ટકા ગુના કોગ્નિઝેબલ ઓફેન્સ એટલે કે એવા ગંભીર ગુના કે જેમાં પોલીસ વોરંટ વગર જ ધરપકડ કરી શકે અથવા તો તપાસ કરી શકે છે તેવા હતાં. એક સમય હતો કે જયારે, બાળ ગુનેગારો સામે ચોરી, બળાત્કાર, મારામારી કે હત્યાના આરોપ આવતાં હતાં. પણ, હવે પૈસા માટે કોઈપણ ગંભીર કૃત્ય આચરવું, સોશ્યલ મીડિયાનો દુરૂપયોગ કરી બીજા લોકોને પરેશાની, એકતરફી લાગણીનું પાગલપન, દારૂ, ડ્રગ્સ, સિગારેટ કે અન્ય પ્રકારના વ્યસનો અને નશાખોરીની ફરિયાદો સતત વધી રહી છે.

# દેશના યુવાનોએ ભણતરની સાથે સાથે કોઈ 'સ્કીલ' પણ શીખવી જોઈએ...!!!




આપણા ભારત દેશમાં બેરોજગારી એક ખૂબ મોટી સમસ્યા છે જેના માટે દેશના શિક્ષિત યુવાનો સરકારી નોકરી મેળવવા માટે દેશમાં ઠેર ઠેર આંદોલન પણ કરી રહયા છે. આપણા દેશની વસ્તી ૧૪૦ કરોડ છે જેમાં બધાને સરકારી નોકરી મળવાની શકયતા નથી તે હકીકત છે તો આ કડવી હકીકતને ધ્યાનમાં રાખીને હવે આપણા દેશના યુવાનોએ પોતાના ભણતરની સાથે સાથે કોઈ 'સ્કીલ' શીખવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. આજના હરિફાઈના સમય માં કોલેજની ડિગ્રીની સાથે સાથે જો કોઈ 'સ્કીલ' આવડતી હોય તો નોકરી કે પોતાના ધંધામાં પણ આ 'સ્કીલ' હંમેશા કામ લાગે છે. અત્યારે તો ટેકનોલોજીનો જમાનો છે અને ગુગલ કે યુટયુબમાંથી સર્ચ કરીને કે પછી 'શીખો' એપ માંથી પણ પોતાની રસરૂચિ મુજબ ની કોઈ 'સ્કીલ' બહુ આસાનીથી શીખી શકાય છે. આ 'સ્કીલ' શીખીને પોતાનો જ કોઈ નાનો બિઝનેશ ઓછા રોકાણમાં શરૂ કરીને પૈસા કમાઈ શકાય છે.

હમણાં થોડાં સમય પહેલાં મારા ઘરે એ.સી. રિપેર કરવા માટે એક ટેકનીશીયન આવ્યો હતો. જેણે ફકત અડધો કલાકમાં એ.સી. સર્વિસ કરીને રૂા. ૧,૨૦૦ કમાઈ લીધા હતા. આ જોઈને મને વિચાર આવ્યો કે આ માણસ જો આખા દિવસમાં ફકત ૩ એ.સી. સર્વિસ કરે તો પણ એ રોજના ૨ થી ૩ હજાર રૂપિયા કમાઈ શકે છે. આ એક 'સ્કીલ' છે. આવી કોઈ 'સ્કીલ' શિખવામાં બહુ પૈસા કે સમયની જરૂર પડતી નથી પરંતુ આવી કોઈ એકાદ 'સ્કીલ' જો તમને આવડતી હોય તો તમારે કોઈ નોકરી શોધવાની પણ જરૂર પડતી નથી કારણ કે આવી કોઈ 'સ્કીલ' ધ્વારા તમે મહિનાના ૨૫ હજારથી૫૦ હજાર કે તેનાથી પણ વધારે પૈસા કમાઈ શકો એમ છો. કોલેજની ડિગ્રી જરૂરી છે પરંતુ જો એ ડિગ્રી તમને ૨૦ કે ૨૫ હજારની નોકરી પણ ન અપાવી શકતી હોય તો આવી ડિગ્રી શું કામની...?? કોલેજની ડિગ્રી આજના સમયમાં માત્ર એક કાગળ છે જેનાથી ફકત એ સાબિત થાય છે કે તમે ગ્રેજયુએટ છો, ભણેલા ગણેલા છો પરંતુ આ ડિગ્રી તમને સારી નોકરી અપાવવાની કોઈ જ ગેરંટી આપતી નથી તે પણ એક કડવી હકીકત છે એટલે ફકત કોલેજની ડિગ્રીના ભરોસે કે પછી સરકારી નોકરીના ભરોસે બેસી રહેવાને બદલે પોતાની 'સ્કીલ'નો ઉપયોગ કરીને પોતે જ પોતાનો રોજગાર ઉભો કરવો જોઈએ. જે લોકો આવી કોઈ 'સ્કીલ' થી પોતાનો નાનો મોટો ધંધો કે બિઝનેશ કરી રહયા છે તેમને જો પૂછવામાં આવે કે શું તમે નોકરી કરવા તૈયાર છો ? તો ૯૦ ટકા લોકોનો જવાબ 'ના' જ આવશે કારણ કે તેઓ નોકરી કરતાં આજે સારા એવા પૈસા કમાઈ રહયા છે. મારો એક મિત્ર કાર મિકેનીક છે જે ફકત ધોરણ ૧૨ સુધી જ ભણેલો છે પરંતુ આજે તે દર મહિને એકથી દોઢ લાખ રૂપિયા કમાઈ છે અને સાથે સાથે ૩ વ્યકિતને રોજગારી પણ આપે છે. નોકરીમાં તમને કદાચ વ્હાઈટ કોલર જોબ મળી શકે છે પણ નોકરીમાં તમારી આવક મર્યાદિત થઈ જાય છે જયારે ધંધા-વ્યવસાયમાં તમે તમારી 'સ્કીલ'ના આધારે તમે ધારો એટલા પૈસા કમાઈ શકો છે.



મનોમંથન
જિતેન્દ્રસિંહ ઠાકોર


## રાજપૂત સમાજનું ગૌરવ :

### 'દરબાર'ના તંત્રી, LIC ના સિનિયર એડવાઈઝર અને રાજપૂત સમાજના અગ્રણી

### જિતેન્દ્રસિંહ ઠાકોરને ગીનીશ વર્લ્ડ રોકોર્ડમાં સ્થાન મળ્યું



જિતેન્દ્રસિંહ ઠાકોર (તંત્રી : દરબાર)
Senior Life Advisor & Financial Planner@LIC






આ વર્ષની ગત તારીખ ૨૦મી જાન્યુઆરી-૨૦૨૫ ના રોજ ભારતની સૌથી મોટી સરકારી વીમા કંપની ભારતીય જીવન વીમા નિગમ (ઁ ૈ ૈ) એ એક જ દિવસમાં ફકત ૨૪ કલાકમાં ૫,૮૮,૧૦૭ જેટલી વીમા પોલિસી વેચવાનો એક અનોખો વર્લ્ડ રેકોર્ડ કર્યો. જેમાં સમગ્ર ભારતમાંથી હજારો-લાખો વીમા એજન્ટોએ ભાગ લીધો હતો જેમાં અંકલેશ્વર જી.આઈ.ડી.સી. બ્રાન્ચના સિનિયર વીમા એજન્ટ અને દરબાર ઈ-મેગેઝીનના તંત્રી અને દરબાર ચેરીટેબલ ટ્રસ્ટ તથા દરબાર ફાઉન્ડેશનના પ્રમુખ અને રાજપૂત સમાજના અગ્રણી એવા શ્રી જિતેન્દ્રસિંહ ઠાકોરે આ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું યોગ્દાન આપીને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે નોંધાવીને એક અનોખી સિધ્ધિ મેળવી છે અને સમગ્ર રાજપૂત સમાજનું નામ રોશન કર્યુ છે. તેઓ છેલ્લાં ૨૦ વર્ષથી ભારતીય જીવન વીમા નિગમમાં સિનિયર લાઈફ એડવાઈઝર તરીકે કાર્યરત છે અને ૪૦૦૦ કરતાં પણ વધારે ગ્રાહકોને પોતાની સેવાઓ આપી રહયા છે. તેઓ જીવન વીમા ઉપરાંત મેડીકલેમ વીમો, ગાડીઓના વીમા, સ્ટુડન્ટ વીમા, ફેકટરીઓના વીમા જેવા તમામ પ્રકારના વીમાક્ષેત્રે સને-૨૦૦૬ થી સક્રિય રીતે કાર્યરત છે. તેમના ૮૦ ટકા કરતાં વધારે વીમા ધારકો ફકત રાજપૂત સમાજના છે. તેમનું કાર્યક્ષેત્ર વડોદરાથી લઈને વાપી, વલસાડ સુધીનું સમગ્ર દક્ષિણ ગુજરાત છે. અંકલેશ્વર અને કીમ ખાતે તેમની પોતાની ઓફિસ આવેલી છે. તેમના ફર્મનું નામ 'દરબાર ઈન્સ્યુરન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ' છે. જે સમગ્ર રાજપૂત સમાજમાં પણ ખૂબ જ જાણીતું નામ છે.

**જિતેન્દ્રસિંહ ઠાકોર LIC માં છેલ્લાં ૧૯ વર્ષથી અને સમાજ સેવાના કાર્યમાં છેલ્લાં ૨૫ વર્ષથી સક્રિય છે.**

## ઉમરપાડાના ઉભારીયા ગામમાં મેડિકલ કેમ્પઃ ધારાસભ્ય વસાવાએ કર્યું ઉદ્ઘાટન, દર્દીઓને મફ્ત સારવાર અને દવાઓનું વિતરણ

ઉમરપાડા- ઉમરપાડા તાલુકાના ઉભારીયા ગામે શ્રી હરિ ખાદી ગ્રામઉદ્યોગ વિકાસ સંસ્થાન દ્વારા હેલ્થ અવેરનેસ એન્ડ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મંગરોળના ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ કેમ્પનું ઉદ્ઘાટન કર્યું હતું.

ધારાસભ્ય વસાવાએ જણાવ્યું કે દેશમાં ચાલતી તમામ યોજનાઓ દ્વારા સમાજના વિવિધ વર્ગોને લાભ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. આયુષ્યમાન કાર્ડ ધારકોને દર વર્ષે રૂ. ૫ લાખ સુધીની મફ્ત સારવારની સુવિધા નોંધાયેલી હોસ્પિટલોમાં મળે છે. તેમણે જરૂરિયાતમંદ લોકોને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

મેડિકલ કેમ્પમાં દર્દીઓને મફ્ત સારવાર અને દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# પશુઓનું કરાશે રસીકરણઃપશુમાં થતી બીમારી ખરવા મોવાસાની રસી ૩.૫૪ લાખ પશુને અપાશે



ગાંધીનગર- બિમાર પશુની લાળના સંપર્કમાં આવેલા બીજા પશુઓ તેનો ભોગ બનતા હોય છે. તેમાં પશુઓના મોઢામાં અને પગની ખરીમાં ચાંદા પડવાની જીવલેણ બિમારી ખરવા મોવાસા માટે રસીકરણ અભિયાન જિલ્લાના ૩.૫૪ લાખ પશુઓમાં આગામી ૧૫મી, ઓક્ટોબર સુધી યોજવામાં આવશે.

ખરવા મોવાસા રસીકરણ માટે જિલ્લાના ઘનિષ્ઠ પશુ સુધારણા કેન્દ્ર, પશુ દવાખાના, પ્રાથમિક પશુ આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓની ૩૦૦ ટીમો બનાવવામાં આવી છે.

જિલ્લાના ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં ખરવા મોવાસાની બિમારીનો ભોગ ચોમાસાની સીઝનમાં બનતા હોય છે. ખરવા મોવાસા બિમારીનો ભોગ બનેલા પશુના મોઢામાંથી લાળ પડવી તેમજ પગમાં ખરીમાં ચાંદા પડવાની બિમારી થાય છે. પશુના મોઢામાંથી ચાંદી પડવાથી લાળ પડતી હોય છે. તેનાથી પશુ ખાઇ નહી શકવાથી મોતને ભેટે છે. તેવી રીતે પશુના પગમાં ખરીમાં પણ ચાંદી પડવાથી તે ચાલી શકતું નથી.

પશુઓમાં જોવા મળતી આવી બિમારીને ખરવા મોવાસાની બિમારી તરીકે ઓળખવામાં આવે છે. ખરવા મોવાસા બિમારી ચેપી હોવાથી ઝડપથી એક પશુમાંથી બીજા પશુઓમાં ફેલાતી હોય છે. ત્યારે જિલ્લાના ૩.૫૪ લાખ પશુઓમાં ખરવા મોવાસાની બિમારીમાંથી મુક્તિ અપાવવા માટે જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા ઘનિષ્ઠ રસીકરણનું અભિયાન આગામી ૧૫મી, ઓક્ટોબર સુધી યોજવામાં આવશે.

ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં ખરવા મોવાસાની રસીકરણની કામગીરી જિલ્લાના ૭૮ ઘનિષ્ઠ પશુ સુધારણા કેન્દ્રો, ૨૯ પશુ દવાખાના, ૧૪ પ્રાથમિક પશુ આરોગ્ય કેન્દ્રો અને ૧ વેઇટનરી પોલીક્લિનીકના ૩૦૦ કર્મચારીઓની ટીમો બનાવવામાં આવી છે.

ટીમ દ્વારા ગામે ગામે ફરીને પશુને ઘરે જઇને ખરવા મોવાસા રસીકરણ કરવામાં આવશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### મીયાપુર ચાર રસ્તા (મહુવા) ખાતે અસરગ્રસ્ત ખેડૂતો સાથે મીટીગનું આયોજન

# પાવરગ્રીડની ટ્રાન્સમિશન લાઈન મુદે યોગ્ય નિર્ણય નહી આવે તો ખેડૂતો રસ્તા પર ઉતરશે





સુરત-સુરત જિલ્લાના મહુવા તાલુકાના ગામોમાંથી પસાર થનાર ટ્રાન્સમીશન લાઈનને લઈને ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે શુક્રવારે ખેડુત સમાજ ગુજરાતના નેજા હેઠળ બાપા સીતારામ મઢુલી, મીયાપુર ચાર રસ્તા (મહુવા) ખાતે અસરગ્રસ્ત ખેડૂતો સાથે મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકાર ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય નહી લે તો આ લડાઈને રોડ પર લઈ જવા આહ્વાન કરાયું હતું.

બેઠકમાં ખેડુત સમાજ ગુજરાતના પ્રમુખ જયેશ પટેલે (પાલ) જણાવ્યુ હતું કે પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વીજ ટ્રાન્સમિશન લાઈન નાંખી ન શકે શીડયુલ એરિયાનુ ઉલ્લંઘન થાય છે. કલેક્ટરના કોઈપણ પ્રકારનો હુકમ ન હોવા છતાં તથા ખેડુતોનો વિરોધ હોવા છતાં ટ્રાન્સમિશન લાઈન નાંખી તે ખોટુ છે.

સહકારી અને ખેડૂત આગેવાન દર્શન નાયકે જણાવ્યું હતું કે સરકાર વાંરવાર જુદા જુદા પ્રોજેક્ટ માટે ખેડૂતોની ફળદ્રુપ જમીન સંપાદન કરવામાં આવી રહી છે તે જોતા આવનાર દિવસોમાં સહકારી મંડળીઓને ચલાવવા માટે પૂરતો કાચો માલ પણ નહી મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવાની શક્યતા છે. જો સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરવામાં આવશે નહી તો આવનાર દિવસોમાં આ લડાઈને રોડ ઉપર લઈ જવામાં આવશે અને અસરગ્રસ્ત ખેડૂતો સાથે બીજા ખેડૂતોએ પણ ખેડૂતોની અસ્મિતા અને અસ્તિત્વ બચાવવા માટે આ લડાઈમાં જોડાવવું જોઈએ.

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલે (ઓરમા) ચેતવણી આપતા જણાવ્યુ હતું કે સ્ટરલાઇટ પાવર કે પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા મહુવા વિસ્તારમાં આવે તો ગામમાં પ્રવેશ કરવા દેવાનું નથી. સુરત જીલ્લા ખેડુત સમાજના પ્રમુખ પરિમલ પટેલે જણાવ્યુ કે એક સમય હતો જયારે વીજ ટ્રાન્સમિશન લાઇનના અધિકારીઓ ખેડૂતોને આપણને માહિતી પણ આપતા ન હતા પરંતુ આજે સંગઠન શક્તિથી તેમની સામે ખેડૂતોની વાતો માનવી પડે છે હવે સંગઠનને વધુ મજબૂત કરવાની જરૂર છે.

## માંડવી તાલુકાના કરવલી વેર નદીના ચેકડેમ માંથી અજાણ્યા વ્યક્તિને લાશ મળી આવતા માંડવી ફાયર વિભાગે બહાર કાઢી



**દક્ષેશ પટેલ, માંડવી-**માંડવી તાલુકાના કરવલી ગામે વેર નદીના ચેકડેમમાંથી એક અજાણ્યા વ્યક્તિ વેર નદીના પાણી માં અગમ્ય કારણોસર ડૂબી ગયેલ હતો. જેની ડેડબોડી શોધવાની કામગીરી માંડવી ફાયર બ્રિગેડ દ્વારા હાથ ધરવામાં આવી હતી જેની ડેડ બોડી આજરોજ શોધી કાઢી હતી અને આ લાશ કરાવલી ચેકડેમ પાસે થી ડેડબોડી પાણીમાં થી બહાર કાઢવામાં આવી હતી અને તપાસ કરતાં મરણ પામનારનું નામ કરસન ભાઈ જેઠીયા ભાઈ ચૌધરી ઉંમર વર્ષ ૪૫ રહેવાસી કાલીબેલ. નો રહીશ હોવાનું જાણવામાં મળેલ છે. પોલીસ તંત્રને જાણ થતા ઘટના સ્થળે આવી ડેડબોડીનો કબજો લઈ તેને પીએમ કરવા મોકલી આપવામાં આવી હતી. અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



માલધારી ગણેશ યુવક મંડળ : બારડોલી

### માંડવીમાં ઈદે મિલાદ અને ગણેશ વિસર્જનની તૈયારી

## શાંતિ સમિતિની બેઠકમાં સુરક્ષા વ્યવસ્થા અને સહયોગની અપીલ, ૨૦ તરવૈયાની ટીમ તૈનાત કરાશે



**દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ ખાતે ઈદે મિલાદ અને ગણેશ વિસર્જનની તૈયારીઓને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ. સુરત જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાના અધ્યક્ષાસ્થાને યોજાયેલી બેઠકનું સંચાલન PI એસ. ચૌહાણે કર્યું.

DYSP બી.કે. વનારે ઈદે મિલાદ અને ગણેશ વિસર્જન માટે માર્ગદર્શન આપ્યું. તેમણે સીસીટીવી કેમેરાના ઉપયોગને પ્રાધાન્ય આપ્યું. માંડવી પાલિકાના ચીફ ઓફિસરે ગણપતિ વિસર્જન માટે ૨૦ સ્થાનિક તરવૈયાની ટીમો તૈનાત કરવાની જાહેરાત કરી. સાથે લાઈટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

જિલ્લા પોલીસ અધિક્ષકે બંને તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે સહકારની અપીલ કરી. તેમણે સરકારી નિયમો મુજબ પર્યાવરણની જાળવણી અને ડીજેના ઉપયોગમાં કાળજી રાખવા સૂચન કર્યું.

બેઠકમાં શાંતિ સમિતિના સભ્યો, નગરજનો, સરપંચો, પાલિકાના અધિકારીઓ અને હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા. તમામે શાંતિપૂર્ણ માહોલ જાળવવાની ખાતરી આપી. રાજકીય અને સામાજિક આગેવાનોએ પણ સંપૂર્ણ સહયોગનું આશ્વાસન આપ્યું.

## બારડોલી સ્વર્ણિમ ગ્રુપ નવરાત્રી મહોત્સવ ૨૦૨૫ શુભ ખાતમુહૂર્ત પ્રસંગે આમંત્રણ પાઠવવામાં આવ્યું





ભારત સરકારના કેંદ્રીય કેબિનેટ મંત્રી સી.આર. પાટીલ ના સુપુત્ર અને યુથ ફોર ગુજરાત ના પ્રમુખ જીગ્નેશભાઈ પાટીલ ના પાવન હસ્તે આપણુ ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે.
















ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).